# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/120 Dt. 03/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા પીએચ.ડી. કરી રહેલા વિદ્યાર્થીઓને રૂપિયા ત્રણ–ત્રણ લાખની સ્કોલરશિપ અપાઇ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા શિક્ષણક્ષેત્રે પ્રતિભાશાળી અને સંશોધન કાર્યમાં અગ્રેસર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે પીએચ.ડી. કરી રહેલા બે વિદ્યાર્થીઓને રૂપિયા ત્રણ–ત્રણ લાખની સ્કોલરશિપ આપવામાં આવી છે. પ્રથમ તબકકામાં બંને વિદ્યાર્થીઓને રૂપિયા એક–એક લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા પીએચ.ડી. કરી રહેલા શ્રી ભાવ્યેશ એન. દેસાઇ (એસવીએનઆઇટી) અને શ્રી અનિકેત એચ. સાવંત (ઉકા તરસાડિયા યુનિવર્સિટી)ને રૂપિયા એક–એક લાખની સ્કોલરશિપ આપવામાં આવી છે. આ સ્કોલરશિપ એક વર્ષ માટે માન્ય રહેશે. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક પ્રદર્શન અને સંશોધન કાર્ય સંતોષકારક રહેશે તો આગામી બે વર્ષ સુધી સતત રૂપિયા એક–એક લાખની સ્કોલરશિપ આપવામાં આવશે. આ રીતે, દરેક વિદ્યાર્થીને ત્રણ વર્ષમાં કુલ રૂપિયા ૩ લાખની આર્થિક સહાય મળશે. યોગ્ય વિદ્યાર્થીઓને તક મળે અને સંશોધન ક્ષેત્રમાં નવી પેઢી આગળ વધે એ ટ્રસ્ટનો મુખ્ય હેતુ છે.

SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટના ચેરમેન તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રજનિકાંત મારફતિયાએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતી આ સ્કોલરશિપ વિદ્યાર્થીઓ માટે નાણાંકીય સહાય પૂરતી જ નહીં, પરંતુ તેમના સંશોધન કારકિર્દીને નવી દિશા આપનારી સાબિત થશે. ટ્રસ્ટનો વિશ્વાસ છે કે, આ પહેલથી દક્ષિણ

ગુજરાતમાં શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર થશે. આ તબકકે SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટને રાજહંસ અને કલર ટેક્ષ ગૃપનો સહયોગ પ્રાપ્ત થયો છે.